Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: પરિપત્ર :–

કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, વિદ્યાર્થીઓની કાનૂન વિદ્યાશાખા હેઠળની વિવિધ પરીક્ષાઓ અંગેની તા. ૨૭/૦૨/૨૦૧૫ ની અરજી અંગે કાનૂન વિદ્યાશાખા અન્વયેની અભ્યાસસમિતિઓ અને કાનૂન વિદ્યાશાખાની સંયુકત સભાએ તેની તા.૧૮/૦૩/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલી નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧–૦૫–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૩૩ અન્વયે મંજૂર કરેલ છે. તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદઉપરાંત તેનો અમલ કરવો.

**કાનૂન વિદ્યાશાખા અન્વયેની અભ્યાસસમિતિઓ અને કાનૂન વિદ્યાશાખાની સંયુકત સભાની તા.૧૮/૦૩/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૨**

:: આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૨૭/૦૨/૨૦૧૫ ની વિદ્યાર્થીઓની કાનૂન વિદ્યાશાખા હેઠળની વિવિધ પરીક્ષાઓ અંગેની અરજીના સંદર્ભમાં કાનૂન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ ગુજરાતની યુનિવર્સિટીઓના કાનૂન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓને પત્ર તથા ઈ–મેઈલથી તારીખ ૦૫/૦૩/૨૦૧૫ ના રોજ આવશ્યક માહિતીઓ મંગાવેલ પરંતુ તે તારીખ ૧૮/૦૩/૨૦૧૫ ની મુદતમાં ન મળતા વિદ્યાર્થીઓનાં હિતમાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓ પહેલા અને બીજા સેમેસ્ટરમાં ઉત્તીર્ણ થયેલ હોય તેમજ ત્રીજા અને ચોથા સેમેસ્ટરના સત્રો મંજૂર થયેલ હોય અને ઈન્ટરનલ પરીક્ષામાં પાસ થયેલ હોય તે તમામ વિદ્યાર્થીઓ પાંચમાં સેમેસ્ટરમાં પ્રવેશ મેળવી શકશે અને આવા વિદ્યાર્થીઓ પાંચમા સેમેસ્ટરની સાથે ત્રીજા સેમેસ્ટરની (જો અનુત્તીર્ણ થયેલ હોય તો) અને છઠ્ઠા સેમેસ્ટર સાથે ચોથા સેમેસ્ટરની (જો અનુત્તીર્ણ થયેલ હોય તો) પરીક્ષા આપી શકશે. જે અંગે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૧૧–૦૫–૨૦૧૫ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧૩૩**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કાનૂન વિદ્યાશાખા અન્વયેની અભ્યાસસમિતિઓ અને કાનૂન વિદ્યાશાખાની સંયુકત સભાની તા. ૧૮–૦૩–૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૨ ને યથાવત સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

ક્રમાંક : એકે./પરિપત્ર/૬૧૯૨ /૧૫ — સહી/–
તા. ૨૨–૦૫–૨૦૧૫ — કુલસચિવ

પ્રતિ,

૧) કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.
૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: પરિપત્ર :–

કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, કાનૂન વિદ્યાશાખાની સત્ર વ્યવસ્થા જળવાઈ રહે તેમજ વિદ્યાર્થીઓની વ્યાજબી માંગણીઓ પણ સંતોષી શકાય તે માટે કાનૂન વિદ્યાશાખા અન્વયેની અભ્યાસસમિતિઓ તેમજ કાનૂન વિદ્યાશાખાની સંયુકત સભાએ તેની તા.૧૮/૦૩/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧ અન્વયે કરેલી નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૧/૦૫/૨૦૧૫ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧૩૪ અન્વયે સ્વીકાર કરી તે મંજૂર કરવા સિન્ડિકેટને કરેલ ભલામણ સિન્ડિકેટે તેની તા.૧૯/૦૫/૨૦૧૫ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩૦૪ અન્વયે મંજૂર કરેલ છે.

**<u>કાનૂન વિદ્યાશાખા અન્વયેની અભ્યાસસમિતિઓ અને કાનૂન વિદ્યાશાખાની સંયુકત સભાની તા.૧૮/૦૩/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૧</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કાનૂન વિદ્યાશાખા અન્વયેની અભ્યાસસમિતિઓની તેમજ કાનૂન વિદ્યાશાખાની તા. ૦૪/૦૩/૧૫ ની સંયુકત સભામાં ઠરાવ્યા મુજબ તમામ Law કોલેજો પ્રથમ વર્ષનાં પ્રથમ સેમેસ્ટરમાં BCI ના નિયમ મુજબ ૩૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે તે માટે યુનિવર્સિટી સંલગ્ન તમામ Law કોલેજોને પ્રથમ સેમેસ્ટર માટે પાંચ ડીવીઝનની યુનિવર્સિટી ધ્વારા મંજૂરી આપવા માટે સર્વાનુમતે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૧/૦૫/૨૦૧૫ ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૧૩૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, તમામ Law કોલેજો પ્રથમ વર્ષનાં પ્રથમ સેમેસ્ટરમાં BCI ના નિયમ મુજબ ૩૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે તે માટે યુનિવર્સિટી સંલગ્ન તમામ Law કોલેજોને પ્રથમ સેમેસ્ટર માટે પાંચ ડીવીઝનની યુનિવર્સિટી ધ્વારા મંજૂરી આપવાની ભલામણ સ્વીકારી તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>સિન્ડિકેટની તા.૧૯/૦૫/૨૦૧૫ ની સભાનો ઠરાવ ક્રમાંકઃ૩૦૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, તમામ Law કોલેજો પ્રથમ વર્ષનાં પ્રથમ સેમેસ્ટરમાં BCI ના નિયમ મુજબ ૩૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે તે માટે યુનિવર્સિટી સંલગ્ન તમામ Law કોલેજોને પ્રથમ સેમેસ્ટર માટે પાંચ ડીવીઝનની યુનિવર્સિટી ધ્વારા મંજૂરી આપવા એકેડેમિક કાઉન્સિલની તા.૧૧/૦૫/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંકઃ૧૩૪ થી કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરવો તેમજ ૬૦નું ડીવીઝન રાખવું.

ક્રમાંક : એકે./પરિપત્ર/૬૯૬૨ /૧૫ — સહી/–
તા. ૦૬–૦૬–૨૦૧૫ — કુલસચિવ

પ્રતિ,

૧) કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.
૨) અધ્યક્ષશ્રી, કાનૂન વિદ્યાશાખા,
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: પરિપત્ર :–

કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, કાનૂન વિદ્યાશાખા અન્વયેની અભ્યાસસમિતિઓ તેમજ કાનૂન વિદ્યાશાખાની સંયુકત સભાએ તેની તા.૧૮/૦૩/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંકઃ૩ અન્વયે સિન્ડિકેટને કરેલ નીચેની ભલામણ સ્વીકારી સિન્ડિકેટે તેની તા.૧૯/૦૫/૨૦૧૫ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૪૪ અન્વયે યથાવત સ્વીકાર કરેલ છે. તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદઉપરાંત તેનો અમલ કરવો.

**કાનૂન વિદ્યાશાખા અન્વયેની અભ્યાસસમિતિઓ અને કાનૂન વિદ્યાશાખાની સંયુકત સભાની તા.૧૮/૦૩/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૩**

જો વિદ્યાર્થી તમામ સેમેસ્ટરનાં ઈલેકટીવ વિષયોની કોલેજો ધ્વારા લેવાની પરીક્ષામાં અનિવાર્ય સંજોગોવશાત ઉપસ્થિત ન રહી શકયો હોય તો તેવા ખાસ સંજોગોમાં કોલેજનાં આચાર્યશ્રી તેવા વિદ્યાર્થીની અલગ પરીક્ષા લેવા યોગ્ય તે નિર્ણય લઈ શકશે.

વધુમાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, બાર કાઉન્સિલના સુધારેલા નિયમો મુજબ Law કોલેજોને વખતોવખત બાર કાઉન્સિલની ઈન્સ્પેકશન ફી ભરવાની થતી હોવાથી પાંચમા સેમેસ્ટરમાં પ્રવેશ મેળવતા તમામ વિદ્યાર્થીઓ પાસેથી વિદ્યાર્થી દીઠ રૂા. ૨૦૦/– જે તે એકાઉન્ટ હેડ હેઠળ કોલેજ ધ્વારા વસૂલ કરવા મંજૂરી આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**સિન્ડિકેટની તા.૧૯/૦૫/૨૦૧૫ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૪૪**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કાનૂન વિદ્યાશાખા અન્વયેની અભ્યાસ સમિતિઓ તેમજ કાનૂન વિદ્યાશાખાની સંયુકત સભાએ તેની તા.૧૮/૦૩/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩ થી કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરવો.

ક્રમાંક : એકે./પરિપત્ર/૬૯૬૩ /૧૫ — સહી/–
તા. ૦૬–૦૬–૨૦૧૫ — કુલસચિવ

પ્રતિ,

૧) કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.
૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.